# GACL એજ્યુકેશન સોસાયટી અને વડોદરા મ્યુ. કોર્પોરેશન સંયુક્ત થઈને "વડોદરા બાય ફુટ"

વડોદરા, તા.૬

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને GACL એજ્યુકેશન સોસાયટીએ "કોઠી સેન્ટર હેરીટેજ વોક"ની સ્થાપના કરી છે. વડોદરાની "આંતરરાષ્ટ્રીય મેરેથોન દોડ"નાં પ્રસંગે વડોદરાની કલા,સંસ્કૃતિ અને સ્મારકો સ્થાપત્યોનો વારસો જાળવી રાખવા માટે "હેરીટેજ વોક" ની સ્થાપના કરવામાં આવી છે. અલગ અલગ ક્ષેત્રનાં લગભગ ૩૫ લોકોનાં ગ્રુપ દ્વારા મળીને આ પ્રથમ હેરીટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરા મ્યુ. કોર્પો. સેલનાં ઓફિસર ઓન સ્પે.ડ્યુટી રાજેન્દ્ર શાહે આ હેરીટેજ વોકનું માર્ગદર્શન કર્યું. આઠ ઐતિહાસિક સ્મારકોને તેમાં આવરી લેવામાં આવ્યા હતાં, જેમાં કોઠી કચેરી, જયસિંગરાવ લાયબ્રેરી, સરકારી રેકોર્ડ રૂમ, મજમુદાર વાડા મામાની પોળ,તાંબેકર વાડા, સુર્યનારાયણ મંદિર શ્રી અરવિંદ આશ્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સ્મારકો વિષેની રસપ્રદ અને રોમાંચિત ઈતિહાસ અને ઘટનાઓ અંગે "હેરીટેજ વોક"માં ભાગ લેનારાઓને માહિતગાર કરવામાં આવ્યા છે આ વોકમાં હિસ્સેદારોને "VADODARA BY FOOT" વેબસાઈટ લોન્ચ કરવા અંગે પણ જણાવવામાં આવ્યું હતું. જેથી આપણી શહેરની અમુલ્ય સંસ્કૃતિ, સ્મારક અને સ્થાપત્ય વિષે કોઈ પણ જાણકારી મેળવી શકે.

આ ગ્રુપનાં ૧૮ વર્ષની ઉપરની કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે છે. અને સ્વયં-સેવક તરીકે કાર્ય કરી શકે છે. અને કોઈપણ તે અંગે દાન સાહિત્ય

**વિવિધ ક્ષેત્રનાં ૩૫ લોકોનાં ગ્રુપે મળીને પગે ચાલીને વડોદરાની સફર એક "હેરીટેજ વોક"ની સ્થાપના કરી**

અને અનુભવો અથવા બીજી કોઈપણ રીતે મદદ કરી શકે છે. વડોદરા શહેર અને આસપાસનાં વિસ્તારોમાં અનેક ઐતિહાસિક ઈમારતો અને પૌરાણિક મંદિરો આવેલાં છે. આજની યુવા પેઢીને આ ઐતિહાસિક એવા હેરિટેજ સ્થળોની માહિતી મળી રહે તે ઉદ્દેશ સાથે આ હેરિટેજ વોક યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

(લોકસત્તા ન્યૂઝ)